૪) જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી, નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

**૧. સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાના વડાની કચેરીનુંનામ | સંવર્ગનું નામ | સામાન્ય વર્ગ | | આર્થિક રીતે નબળા વર્ગો | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જન જાતિ | | સા.શૈ.પ. વર્ગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧૯૧/ ૨૦૨૦૨૧ | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | સિનિયર સાયન્ટીફિક આસીસ્ટન્ટ | ૦૭ | ૦૩ | ૦૨ | - | ૦૧ | - | ૦૨ | - | ૦૪ | ૦૧ | **૨૦** |
| ૧૯૨/ ૨૦૨૦૨૧ | નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૧૨ | ૦૪ | ૦૩ | -- | ૦૨ | -- | ૦૫ | ૦૧ | ૦૭ | ૦૩ | **૩૭** |
| ૧૯૩/ ૨૦૨૦૨૧ | નાયબ નિયામકશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી, ગાંધીનગર | કેમિકલ આસીસ્ટન્ટ | ૦૪ | ૦૧ | -- | -- | -- | -- | -- | -- | ૦૧ | -- | **૦૬** |
| ૧૯૪/ ૨૦૨૦૨૧ | સંયુકત નિયામકશ્રી, બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | બાગાયત નિરીક્ષક | ૦૫ | ૦૨ | ૦૧ | -- | ૦૧ | -- | ૦૨ | -- | ૦૧ | -- | **૧૨** |
| ૧૯૫/ ૨૦૨૦૨૧ | નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપથી કચેરી ગાંધીનગર | સેનેટરી ઇન્સ્પેકટર | ૦૫ | ૦૧ | ૦૧ | -- | -- | -- | -- | -- | ૦૨ | ૦૧ | **૧૦** |
| ૧૯૬/ ૨૦૨૦૨૧ | અધિક્ષક ઇજનેરશ્રી (વિદ્યુત) માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર | વાયરમેન | ૦૭ | ૦૨ | ૦૨ | - | - | - | ૦૫ | ૦૧ | ૦૩ | - | **૨૦** |
| ૧૯૭/ ૨૦૨૦૨૧ | માર્ગ અને મકાન વિભાગ | મેનેજર, ગ્રેડ-૨ (અતિથિ ગૃહ/ વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) | ૦૩ | ૦૧ | - | - | - | - | ૦૧ | - | ૦૨ | - | **૦૭** |
| **તમામ સંવર્ગોની કુલ જગ્યાઓ:-** | | | **૩૮** | **૧૩** | **૦૯** | - | **૦૪** | - | **૧૭** | **૦૩** | **૨૩** | **૦૬** | **૧૧૨** |

ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી માજી સૈનિકો અને શારિરીક રીતે વિકલાંગ ઉમેદવારો માટેની સંવર્ગવાર અનામત જગ્યાઓ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| | | |
|---|---|---|
| | | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. |
| **૧૯૪/૨૦૨૦૨૧** | બાગાયત નિરીક્ષક | (ક) તા. ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય કૃષિ/ બાગાયત યુનિવર્સિટી અધિનિયમ અથવા રાજય કૃષિ/ બાગાયત યુનિવર્સિટી અધિનિયમ થી અથવા તે સંસ્થાપિત અથવા સ્થપાયેલી કૃષિ/ બાગાયત યુનિવર્સિટીઓની પોલીટેકનીકમાંથી **બાગાયતનો ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| **૧૯૫/૨૦૨૦૨૧** | સેનેટરી ઇન્સ્પેકટર | (ક) તા ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.<br>(ખ)(૧) ઉમેદવારે રાજ્ય અથવા કેન્દ્ર સરકારનાં ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડમાંથી ઉચ્ચત્તર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨) પાસ કરેલ હોવી જોઇશે; **અથવા**<br>સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે અને<br>(૨) **ઉમેદવાર** સરકારે માન્ય કરેલ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો ઓછામાં ઓછો એક વર્ષનો **હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટરના અભ્યાસક્રમનો** ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે. **અથવા**<br>ઉમેદવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (I.T.I.) **અથવા** સરકારે તે તરીકે માન્ય કરેલી કોઇ બીજી શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઓછામાં ઓછો એક વર્ષના **હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટરના કોર્સનું** પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |

